**અગ્રતા ક્રમ:** **૨૮**

**<u>વિભાગ:</u>** શિક્ષણ વિભાગ

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક:** ૧૫/૦૪/ ૧૭૮૩

વિધાનસભા ગૃહમાં જવાબ

આપવાની તારીખ: **૨૮/૦૨/૨૦૨૪**

**પંદરમી ગુજરાત વિધાનસભા**

**<u>ચોથું સત્ર</u>**

**પ્રશ્ન શિર્ષક:** **“દાહોદ જિલ્લામાં અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને વ્યકિતગત ધોરણે આવાસ આપવાની યોજના”**

**પ્રશ્ન પુછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ**
**તથા તેમનો મત વિસ્તાર: શ્રી મહેશભાઇ ભુરિયા (ઝાલોદ)**

**દાહોદ જિલ્લામાં અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને વ્યક્તિગત ધોરણે આવાસ આપવાની યોજના**

***15/4/1783 શ્રી મહેશભાઈ ભુરીયા** (ઝાલોદ): માનનીય **આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને વ્યક્તિગત ધોરણે આવાસ આપવાની યોજના અમલમાં છે કે કેમ, | (૧) | હા, જી. |
| (૨) | જો હા, તો આ યોજના હેઠળ અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને શાં લાભ આપવામાં આવે છે, અને | (૨) | આ યોજના હેઠળ રૂ.૧,૨૦,૦૦૦/– ની સહાય આપવામાં આવે છે. |
| (૩) | ઉક્ત સ્થિતિએ છેલ્લાં વર્ષમાં દાહોદ જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) | " રૂ.૩૬૩.૦૩ લાખ " |

–––––––––––––––––

૨૮

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/ ૧૭૮૩**

**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રી મહેશભાઇ ભુરીયા (ઝાલોદ)**

**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી મહેશભાઇ ભુરીયા (ઝાલોદ)**

---

**પ્રશ્નઃ-૧** **વ્યક્તિગત ઘોરણે આવાસ યોજના હેઠળ સને ૨૦૨૩માં દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે. અને કેટલો ખર્ચ થયેલ છે?**

**જવાબઃ-**

| વર્ષ:- ૨૦૨૩ (તા. ૦૧/૦૧/૨૦૨૩ થી ૩૧/૧૨/૨૦૨૩ અંતિત) | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | તાલુકો | પ્રથમ હપ્તો | | બીજો હપ્તો | | ત્રીજો હપ્તો | |
| | | લાભાર્થી ની સંખ્યા | રકમ (રૂ) | લાભાર્થી ની સંખ્યા | રકમ (રૂ) | લાભાર્થી ની સંખ્યા | રકમ (રૂ) |
| ૧ | દાહોદ | ૩૨ | ૯૬૦૦૦૦ | ૩૫ | ૧૭૪૯૫૦૦ | ૫૩ | ૨૧૨૦૦૦૦ |
| ૨ | ફતેપુરા | ૭ | ૨૧૦૦૦૦ | ૨૨ | ૧૧૦૦૦૦૦ | ૬૬ | ૨૬૪૦૦૦૦ |
| ૩ | ઝાલોદ | ૧૦ | ૩૩૦૦૦૦ | ૪૧ | ૨૦૫૦૦૦૦ | ૪૧ | ૧૬૪૦૦૦૦ |
| ૪ | સંજેલી | ૧૪ | ૩૯૦૦૦૦ | ૩૯ | ૧૯૫૦૦૦૦ | ૧૬ | ૬૪૦૦૦૦ |
| ૫ | લીમખેડા | ૪૬ | ૧૩૮૦૦૦<br>૦ | ૮૧ | ૪૦૫૦૦૦૦ | ૮૬ | ૩૪૨૩૨૫૦ |
| ૬ | ધાનપુર | ૨૦ | ૬૦૦૦૦૦ | ૩૮ | ૧૯૦૦૦૦૦ | ૪૦ | ૧૬૦૦૦૦૦ |
| ૭ | દેવ.બારીયા | ૦ | ૦ | ૮ | ૪૦૦૦૦૦ | ૦ | ૦ |
| ૮ | સીંગવડ | ૧૬ | ૪૮૦૦૦૦ | ૩૧ | ૧૫૫૦૦૦૦ | ૩૫ | ૧૩૬૦૦૦૦ |
| ૯ | ગરબાડા | ૧૦ | ૩૦૦૦૦૦ | ૩૬ | ૧૮૦૦૦૦૦ | ૪૨ | ૧૬૮૦૦૦૦ |
| **કુલ** | | **૧૫૫** | **૪૬૫૦૦૦૦** | **૩૩૧** | **૧૬૫૪૯૫૦૦** | **૩૭૯** | **૧૫૧૦૩૨૫૦** |
| **કુલ સહાય::૩૬૩૦૨૭૫૦/-** | | | | | | | |

## ૨૮

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૦૪/ ૧૭૮૩**

**પ્રભારી ધારાસભ્યશ્રીનું નામ: શ્રી મહેશભાઇ ભુરીયા (ઝાલોદ)**

**પૂરક પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામ: શ્રી મોહનભાઇ કોકણી (વ્યારા)**

---

**પ્રશ્ન:-૨ અનુસૂચિત જન જાતિના લોકોને વ્યક્તિગત ધોરણે આવાસ યોજના હેઠળ મળવાપાત્ર આર્થિક સહાયના દરમાં ક્યારે અને શું સુધારો કરવામાં આવેલ છે? લાભાર્થીને સહાય ચેક કે રોકડથી તથા કેવી રીતે ચૂકવવામાં આવે છે?**

**જવાબ:-** અનુસૂચિત જન જાતિના લોકોને વ્યક્તિગત ધોરણે આવાસ યોજના હેઠળ સરકારશ્રીના **તા.૨૫/૦૬/૨૦૧૮ના ઠરાવથી** મકાન સહાયની રકમ **રૂા. ૭૦,૦૦૦/-** થી વધારીને **રૂા.૧,૨૦,૦૦૦/-** કરવામાં આવેલ છે.

- આ સહાય લાભાર્થીના ખાતામાં ઈ-પેમેન્ટથી જ જમા કરવામાં આવે છે.
- અરજી કર્યા બાદ પ્રથમ હપ્તાનો લાભ આપવામાં આવે છે.
- પ્લીંથ લેવલે બીજા હપ્તાનો લાભ આપવામાં આવે છે અને મકાન બાંધકામ પૂર્ણ થતાં ત્રીજા હપ્તાનો લાભ આપવામાં આવે છે.

# પૂરક માહિતી

**પ્રશ્નઃ-(૧) અનુસૂચિત જનજાતિના લોકોને સહાય આપવાની વ્યક્તિગત ધોરણે આવાસ યોજનાનો ઉદ્દેશ શું છે? અને વ્યક્તિગત ધોરણે આવાસ યોજનાનો અમલ કયારથી થયેલ છે?**

**જવાબઃ-** અનુસૂચિત જનજાતિના વ્યકિતઓને વસવાટની મુશ્કેલીઓ દુર કરવા માટે વ્યકિતગત ધોરણે આવાસ સહાય યોજના હેઠળ સહાય આપી કુટુંબને મદદરૂપ થવાનો ઉદ્ધેશ છે. વ્યક્તિગત ધોરણે આવાસ

**પ્રશ્નઃ-(૨) વ્યક્તિગત ધોરણે આવાસ યોજનાનો લાભ મેળવવા આવકમર્યાદા કેટલી રાખવામાં આવેલ છે?**

**જવાબઃ-** આદિજાતિ કુટુંબની વાર્ષિક આવક રૂા.૬,૦૦,૦૦૦/- સુધીની આવક ધરાવતા હોય તેવા તમામ આદિજાતિ કુટુંબને આ યોજનાનો લાભ મળવા પાત્ર છે. (ઠરાવ તા.૦૨/૧૧/૨૦૨૨)

**પ્રશ્નઃ-(૩) વ્યક્તિગત ધોરણે આવાસ સહાય યોજનાનો લાભ મેળવવા માટે કયા પુરાવા રજુ કરવાના હોય છે?**

**જવાબઃ-** વ્યક્તિગત ધોરણે આવાસ સહાય યોજનાનો લાભ મેળવા માટે રજૂ કરવાના પુરાવા.

- ➢ કુટુંબની આવકનો દાખલો, જાતિનો દાખલો
- ➢ રહેઠાણના પુરાવા(વીજળીબીલ, આધારકાર્ડ, રેશનકાર્ડ માંથી કોઈ પણ એક)
- ➢ પોતાની જમીન/ખુલ્લો પ્લોટ/ કાચા મકાનની માલિકી હક્ક અંગેનું આકારણી પત્રક, મકાન વેરા ભર્યા અંગેની પહોંચ,
- ➢ જો જમીન સંયુક્ત માલિકીની હોય તો મકાન બાંધકામ કરવા સંયુક્ત વારસદારોની રૂા.૨૦/-ના સ્ટેમ્પ પર સંમતિપત્ર, જો મકાન કાચુ અને જર્જરિતની સામે લાભ મેળવવાનો હોય તો હાલના મકાનનો લાભાર્થી સાથેનો ફોટોગ્રાફ.

**પ્રશ્નઃ-(૪) વ્યક્તિગત ધોરણે આવાસ યોજના અંતર્ગત લાભાર્થીને ફોર્મ ક્યાંથી ઉપલબ્ધ કરવામાં આવે છે?**

**જવાબઃ-** વર્ષ ૨૦૨૩થી કમિશનર આદિજાતિ વિકાસની કચેરીના evanbandhu.gujarat.gov.in (ઈવનબંધુ ડોટ ગુજરાત ડોટ જીઓવી ડોટ ઈન) પોર્ટલ પર ઓનલાઈન ફોર્મ ભરવાની પ્રકિયા શરૂ કરવામાં આવી છે. વ્યક્તિગત ધોરણે આવાસ યોજનાનો લાભ લેવા ઈચ્છતાં લાભાર્થીએ evanbandhu.gujarat.gov.in (ઈવનબંધુ ડોટ ગુજરાત ડોટ જીઓવી ડોટ ઈન) પોર્ટલ પર ઓનલાઈન નોંધણી કરવાની હોય છે. સફળ નોંધણી પછી સિસ્ટમ દ્વારા સંબંધિત લાભાર્થીને પુષ્ટિકરણ ઈમેઈલ/એસએમએસ મળે છે. આઈ.ડી અને પાસવર્ડથી લાભાર્થીએ લોગીન કરી વ્યક્તિગત ધોરણે આવાસ યોજનાનું ઓનલાઈન ફોર્મ ભરવાનું હોય છે. ફોર્મની પુરેપુરી વિગતો તથા જરૂરી આધાર પુરાવા અપલોડ કર્યા બાદ સિસ્ટમ દ્વારા સફળતાપૂર્વક અરજી કરેલ છે તેવો પુષ્ટિકરણ ઈમેઈલ/એસએમએસ લાભાર્થીને મળે છે. (ઓનલાઈન પોર્ટલ પર લાભાર્થી પોતાની અધુરી ભરેલ અરજી કે ભુલ થયેલ અરજી અને જ્યાં સુધી અરજી મંજૂર ન થાય ત્યાં સુધી અરજી પોતાના આઈ.ડીમાં પાછી ખેંચી શકે તેવી જોગવાઈ રાખવામાં આવેલ છે.)લાભાર્થીએ કરેલ અરજી સબંધિત જિલ્લા કચેરીના કલાર્કના લોગીનમાં જાય છે. કલાર્ક કક્ષાએથી અરજદારશ્રીના ડોક્યુમેન્ટ્સની યોગ્ય ચકાસણી કરી મંજૂર કરવા પાત્ર અરજીઓ સબંધિત મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારીશ્રીના લોગીનમાં મોકલી આપે છે. તથા નામંજૂર કરવા પાત્ર અરજી પૂર્તતા માટે લાભાર્થીના લોગીનમાં પરત મોકલી આપે છે. (જેની જાણ લાભાર્થીને સિસ્ટમ દ્વારા ઈમેઈલ/એસએમએસથી થાય છે) મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારીશ્રી દ્વારા મંજૂર કરેલ લાભાર્થીના ફોર્મને યોજનાનો લાભ લેવા પાત્રતા ધરાવતા અરજદારોના કેસો ભલામણ સહ મંજુરી અર્થે સબંધિત કચેરીના મદદનીશ કમિશનરશ્રીના લોગીનમાં મોકલી આપવામાં આવે છે. મદદનીશ કમિશનરશ્રી દ્વારા અરજદારોના કેસોની ચકાસણી કરી મંજુર કરી બહાલ રાખવામાં આવે છે. અરજી મંજુર કર્યા બાદ લાભાર્થીઓના ખાતામાં ઈ-પેમેન્ટથી નાણાં જમા કરવામાં આવે છે.

**પ્રશ્નઃ–(૫) વ્યક્તિગત ધોરણે આવાસ યોજના અંતર્ગત રાજયમાં વર્ષ ૨૦૨૩–૨૪માં હાલની સ્થિતિએ કુલ કેટલા લાભાર્થીઓને કેટલી સહાય આપવામાં આવેલ છે.**

**જવાબઃ–** વ્યક્તિગત ધોરણે આવાસ યોજના અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૨૩–૨૪માં હાલની સ્થિતિએ નીચે મુજબની વિગતે સહાય આપવામાં આવે છે.

| અ.નં. | જિલ્લા કચેરીનું નામ | પ્રથમ હપ્તો | | બીજો હપ્તો | | ત્રીજો હપ્તો | |
|---|---|---|---|---|---|---|---|
| | | લાભાર્થી | ખર્ચ (રૂ.લાખમાં) | લાભાર્થી | ખર્ચ (રૂ.લાખમાં) | લાભાર્થી | ખર્ચ (રૂ.લાખમાં) |
| ૧ | બનાસકાંઠા | ૮૯ | ૨૬.૭૦ | ૯૦ | ૪૫.૦૦ | ૨૮ | ૧૧.૦૧ |
| ૨ | સાબરકાંઠા | ૨ | ૦.૬૦ | ૧૦૦ | ૫૯.૬૪ | ૧૦ | ૩.૦૦ |
| ૩ | અરવલ્લી | ૧૬૦ | ૪૮.૦૦ | ૮૨ | ૪૯.૧૦ | ૪૮ | ૧૧.૭૧ |
| ૪ | પંચમહાલ | ૧૦૫ | ૩૧.૫૦ | ૧૮ | ૮.૯૪ | ૫૮ | ૨૨.૧૭ |
| ૫ | મહિસાગર | ૪૫ | ૧૩.૫૦ | ૧૩૧ | ૬૫.૫૦ | ૧૬૭ | ૬૬.૮૦ |
| ૬ | દાહોદ | ૪૧૭ | ૧૨૫.૧૦ | ૧૧૬ | ૫૮.૦૦ | ૧૭૫ | ૭૦.૦૦ |
| ૭ | વડોદરા | ૪૨ | ૧૫.૪૪ | ૩૪ | ૨૦.૧૨ | ૨૩ | ૩.૯૯ |
| ૮ | છોટાઉદેપુર | ૨૦૫ | ૬૧.૫૦ | ૧૧૬ | ૫૮.૦૦ | ૧૦૯ | ૪૩.૩૧ |
| ૯ | નર્મદા | ૩૪૫ | ૧૦૩.૫૦ | ૧૨૭ | ૬૫.૩૦ | ૨૪૩ | ૯૭.૧૦ |
| ૧૦ | ભરૂચ | ૨ | ૦.૬૦ | ૧૩ | ૬.૫૦ | ૮ | ૨.૪૦ |
| ૧૧ | તાપી | ૨૪૮ | ૭૪.૪૦ | ૭૧ | ૩૫.૫૦ | ૧૨૭ | ૪૫.૫૦ |
| ૧૨ | સુરત | ૨૪૦ | ૭૨.૦૦ | ૧૬૮ | ૮૪.૦૦ | ૧૭૨ | ૬૭.૯૨ |
| ૧૩ | નવસારી | ૧૯૬ | ૫૮.૮૦ | ૧૬૨ | ૮૦.૭૦ | ૧૯૬ | ૭૬.૦૦ |
| ૧૪ | વલસાડ | ૨૫૦ | ૭૫.૦૦ | ૨૫૭ | ૧૨૮.૫૦ | ૧૯૬ | ૭૯.૦૦ |
| ૧૫ | ડાંગ | ૧૧૮ | ૩૫.૦૮ | ૧૬૪ | ૮૧.૫૦ | ૧૦૮ | ૩૮.૬૬ |
| ૧૬ | અમદાવાદ | ૦ | ૦.૦૦ | ૨ | ૧.૨૪ | ૦ | ૦.૦૦ |
| ૧૭ | રાજકોટ | ૨ | ૦.૬૦ | ૦ | ૦.૦૦ | ૧ | ૦.૪૦ |
| ૧૮ | ભૂજ | ૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ |
| ૧૯ | ભાવનગર | ૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ |
| **કુલ** | | **૨૪૬૬** | **૭૪૨.૩૨** | **૧૬૫૧** | **૮૪૭.૫૪** | **૧૬૬૯** | **૬૩૮.૯૭** |